દિવાળી પહેલા કલરકામઃ હો 'રંગ' રસિયા!



દિવાળીનો એક મહિના પહેલા કડિયા કામના કારીગરો, મકાનના કલરકામના કારીગરો વગેરે મળવા મુશ્કેલ છે. જો કે મળે તો ખરા, પણ તેમના રોજ (ચાર્જ) ન પોસાય. કારણ કે તે લોકો પણ પોતાને ઘેર ધામધૂમથી દિવાળી ઊજવવા ઇચ્છતા હોય ને!

દિવાળીના પહેલા આ કારીગરોમાં આમૂલ પરિવર્તન આવે છે. દિવાળીના પંદર દિવસ પહેલા તે 'રંગ'રસિયાની સામે જઈને આપણે ઉભા રહીએ ત્યારે ભૂમિકા સમુળગી બદલાઈ જાય છે. તેના વાણી વર્તન પરથી જાણે કે તે મકાનમાલિક અને આપણે કલરકામ કરનારા હોઈએ એવો અનુભવ થાય. જો દિવાળી આડા પંદરેક દિવસ હોય અને કલરકામ કરનારાને શોધવા જઈએ તો તેનો કલર બદલાઈ ગયો હોય છે. અને પંદર દિવસ પહેલા તેનો પારો સાતમા આસમાને હોય છે. જે ગ્રાહકે સહન કરવો મુશ્કેલ થઈ પડે છે. વર્ષના વચ્ચેના ગાળામાં કોઈ ગ્રાહકને જોઈને તેઓ સામેથી દોડે અને પૂછે કે 'બોલો શેઠ ક્યાં કલર કરવાનો છે!?' પણ દિવાળીના પંદર દિવસ પહેલા તે પોતાનું સ્થાન છોડતા નથી એટલે કે ગ્રાહક પાસે જતા નથી પણ ગ્રાહકે તેની પાસે જવું પડે છે. એટલે કે ઘોડો નદી સુધી જતો નથી પણ નદીએ ઘોડા પાસે જવું પડે છે. છતાં વાતની શરૂઆત તે કરતો નથી. આપણે જ કરવી પડે છે. કલર કરનારા ત્રણ ચાર જણના ગ્રુપમાં હોય છે. તેઓ કલરની ડોલ,બકેટ, બ્રશ જેવા ઓજારો લઈને 'શાહ-એ-જહાં' ની અદામાં ઊભા હોય છે અથવા ખાલી બકેટ ઊંધું રાખી તેના પર બેઠા હોય છે. આમ તો ત્રણેય કારીગર જ હોય છે. પણ તેમાંથી જેનામાં વાયડાઈ ટાયડાઈ વધારે હોય તે બોસની ભૂમિકા ભજવે છે. તેના કારણે જ બે-ચાર ઘરાક હાથથી જાય છે. બોસ સિવાયના કારીગરો સવારના નાસ્તામાં રોટલી અને બોસ સવારમાં પોટલી નાખીને આવ્યો હોય છે.

આપણે તેને કલરકામનું પૂછીએ ત્યારે તે આપણા પર નજર નાખ્યા વિના જ વાત કરે છે. તેના જવાબો એકદમ ટૂંકા અને સતાવાહી હોય છે. એટલે કે અદા નવાબી અને વાત રૂઆબી હોય છે. જો ઈશારાથી કામ પતી જાય તો તે શબ્દો વેડફતો નથી. તે પોતાના 'કલર કલીગ' સાથે વાત કરતો હોય અને આપણે તેને ત્રણેકવાર પૂછીએ છતાં તે જવાબ ન આપે તો સમજી લેવાનું કે તેને આ અઠવાડિયા પૂરતા ત્રણ ચાર સારા કામ મળી ગયા છે. જો કે સારા કામ પણ તે સારી રીતે કરતા નથી પણ 'પોતાની રીતે' જ કરે છે. એટલે આવતા વર્ષે ફરીથી નવા કામ શોધવા પડે છે!

તેની અમુક પ્રકારની બોડી લેંગ્વેજ પરથી તેને કેટલું કામ મળી ગયું છે તેનો અંદાજ લગાવી શકાય છે.જેમ કે તે પાન ખાતો હોય અને આપણે પૂછીએ ત્યારે પાનનો રસ ભરેલું બંધ મોઢું ઊંચુ કરીને કક્કાનો એક પણ વ્યંજન વેડફ્યા વિના માત્ર 'ઊં..આઓ.. ઓઊ..અ' જેવા સ્વરોથી જ જવાબ આપે તો સમજવું કે તેને પંદર દિવસનું મજબૂત કામ મળી ગયું છે. પાનને બદલે માવો ખાતો હોય અને આપણે કલરકામ વિશે બધું વિગતવાર જણાવીએ અને વાત પૂરી થતાં તે મોઢામાં રહેલો લાલ રસ મોઢું બગાડીને મોંમાંથી મુક્ત કરે તો સમજવું કે તેને આપણું કામ રાખવામાં રસ નથી. પણ જો બને હોઠ એકબીજા સાથે બરાબર દબાવી, તેના પર ઊભી બે આંગળીઓ રાખી તેની વચ્ચેથી તીણી અને તીવ્ર પિચકારી મારે તો સમજવું કે તેને કામ રાખવામાં રસ છે પણ તેનો મજૂરીનો ચાર્જ પિચકારી જેવો જ તીવ્ર હશે.

દિવાળી નજીક હોય ત્યારે તેઓ કાળી અને લાંબી સિગારેટ પીતા હોય છે. બાકીના દિવસો બીડીમાં ખેંચી કાઢે છે. કેટલીકવાર તે ય માંગીને પીતા હોય છે. જો તે સિગારેટ પીતો હોય અને આપણે પૂછીએ એટલે તે ઊંડો કશ લઈને નાકમાંથી નિરાંતે ધુમાડા કાઢતો કાઢતો આપણી વાત સાંભળે તો સમજવું કે તેને આપણું કામ રાખવામાં રસ છે. (પણT.& C.લાગુ!) તે સિગારેટ પીતો હોય ત્યારે આંગળીની ઠપકી મારીને સિગારેટની રાખ ખંખેરે તો સમજવું કે તેને તમારું બજેટ જાણવામાં રસ છે. પછી તેની સિગારેટના ધુમાડાનું અને તમારા બજેટનું કોઈ એક ચોક્કસ બિંદુ પર સ્નેહમિલન રચાય તો જાણવું કે તે તમારું કામ રાખશે. પણ જો તે સિગારેટનો પ્રાણાયામ કક્ષાનો ઊંડો કશ ખેંચ્યા પછી તે ચપટી વગાડીને સિગારેટની રાખ ખંખેરે તો તમારે ત્યાંથી ખંખેરીને રવાના થવું. કારણ કે તેને તમારા કામમાં રસ નથી. તેની આવી અદાકારીથી આપણે જાણી શકીએ કે તે આપણું કામ હાથ પર લેશે કે નહીં. આમ પહેલા તેની અદાકારી અને કામ રાખે તો તજુરબાકારી જોવા મળે છે.

આપણે તેની સામે કલરકામનો પ્રસ્તાવ મૂકીએ ત્યારે આપણું બજેટ સાંભળીને તે 'પોતાની પાસે કેવા મોટા મોટા બજેટના કામો છે.' તે આત્મવિશ્વાસથી ફાટફાટ થતા સ્વરે સંભળાવશે. જો તે કહે કે મારી પાસે અત્યારે બાર કામ છે. તો ત્રણ સમજવા. એટલે કે તે કહે તેનાથી 25% નો મામલો સમજવો. જો તેની પાસે ખરેખર 60% ટકા કામ હોય તો તે આપણી સાથે ચર્ચામાં પડે જ નહીં. છતાં આપણે બહુ જ ચોંટીએ તો કહે કે પરમદા'ડે મળો અથવા દૂર ઊભેલા બીજા કારીગર સામે આંગળી ચીંધીને કહે કે ઉતાવળ હોય તો પેલા કાબરા સાથે વાત કરી લો.

દિવાળીના એકાદ મહિના પહેલા આવા 'રંગ' કર્મીઓના તેવર બદલાઈ જાય છે. હા, આ લોકો પણ કામ રાખ્યા પછી ઘણા નાટક કરતા હોવાથી તેને 'રંગકર્મી' પણ કહી શકાય. જો તેને પ્રમાણમાં સારા કહી શકાય એવા ત્રણ ચાર કામ મળી ગયા હોય તો પછી. 'હમકો ઝૂકા શકે વો જમાને મેં દમ નહીં..!' અથવા 'મેં ઝૂકેગા નહીં સાલા!' ના કેફમાં હોય છે. આમ તો પોતે વર્ષનો મોટો ભાગ મકાનમાલિકો કે કોન્ટ્રાક્ટરો સામે ઝૂકીને જ વિતાવ્યો હોય છે પણ દિવાળી ટાણે તેનો બદલો તે ગ્રાહકોને ઝુકાવીને લે છે.

કલરની ડોલ,બકેટ, બ્રશ જેવા ઓજારો લઈને 'શાહ-એ-જહાં' ની અદામાં ઊભા હોય છે અથવા ખાલી બકેટ ઊંધું રાખી તેના પર બેઠા હોય છે

નબોલવામાં નવ ગુણ
★ નટવર પંડ્યા

આપણે કલરકામની વાત કરીએ એટલે રંગ(અ)કર્મી કલરકામનો એરિયા પૂછે. સામાન્ય રીતે તો નાનકડા કિચનમાં પણ પીછડો ફેરવતો હોય. પણ દિવાળી ટાણે આપણા ઘરનો એરિયા જાણ્યા પછી તે બોલે, "આપણે તો મિનીમમ પંદરસો સ્ક્વેર ફીટનું જ કામ રાખીએ છીએ. તેનાથી ઓછું તો કરતા જ નથી. આપણો એરિયા સાંભળીને તે તિરસ્કાર સાથે બોલે, "આટલો એરીયા તો મારા શિખાઉ કારીગરો પણ હાથ ન ઝાલે." દિવાળી પહેલા કલરકામ કરાવવું હોય એટલે આપણે તેને વિનંતીના સૂરમાં કહીએ ત્યારે પેલું લોકગીત યાદ આવે કે 'ભાઈ રે દરજીડા વીરા વિનવું રે નાગર ઊભા હો રંગરસિયા, ટાંક મારા કમખાની કશ રે, નાગર ઊભા હો રંગ રસિયા.' તેમ છતાં આ 'રંગ' રસિયા એકના બે તો શું દોઢ પણ થતા નથી. છેવટે તે ફોન નંબર આપીને કહે કે સાંજે દશ વાગ્યા પછી ફોન કરજો, થશે તો ગોઠવી આપશુ. આમ હવે તે કલર કરનાર નહીં પણ 'આપણું ગોઠવી આપનારો' હોય છે.પછી રાત્રે દશ વાગ્યે ફોન કરીએ તો ફોનમાં તેનો ઘેઘૂર અવાજ સંભળાય પણ શબ્દો સમજાતા નથી.

આમ છતાં થોડીવાર પછી બીજી વાર ફોન કરીએ તો ફોનમાં તેના ઓડકાર અને હેડકી (હિચકી) સંભળાય. તે હેડકી 'આપણે તેને યાદ કરીએ છીએ' તેની નથી હોતી. તેથી તેના હાથમાંથી ફોન લઈને પત્ની જ કહે કે સવારે નવ પછી ફોન કરજો અત્યારે ઊંઘી ગયા છે. પણ આપણને ખ્યાલ આવી જાય કે અત્યારે તે ઊંઘતો ય નથી અને જાગતો ય નથી. સાવ ત્રીજી જ અવસ્થામાં છે. આપણને ઘણું કહેવાનું મન થાય પણ અત્યારે આપણે મનને મારી નાખવું પડે છે. એટલે મન ટેમ્પરરી મરી જાય છે અને આપણે જીવતા હોઈએ છીએ. આવા સમયે આપણો સંકલ્પ ભલે ગમે તેટલો પ્રબળ હોય પણ આપણી પાસે વિકલ્પો હોતા નથી. તેથી તેની સાંભળવી ન ગમે તેવી વાતો ધ્યાન દઈને સાંભળવી પડે છે.

આમ વિનંતી ભરી લાંબી વાટાઘાટોને અંતે તે ચાર પાંચ ગણો ભાવ લઈને કામની હા પાડે છે. એટલે આપણને હાશકારો થાય. પછી આપણે ઘેર જઈએ ત્યાં તો સાંજના આઠ વાગ્યે તેનો ફોન આવે કે 'આપણાથી નહીં પહોંચાય બીજો ગોતી લેજો.' આપણે કારણ પૂછીએ ન પૂછીએ તે પહેલા તો ફોન કાપી નાખે અને આપણે કાપો તો લોહી ન નીકળે એવા થઈ જઈએ.

ગરમાગરમ

પતિ પત્નીના ખોળામાં માથું મૂકીને સૂતો હતો. પત્નીએ પૂછ્યું, "પ્રિયે, કેવું ફીલ થાય છે!" પતિએ કહ્યું, "જાણે કે વિષ્ણુ ભગવાન શેષનાગના ખોળામાં માથું મૂકીને સૂતા હોય એવું!"